નભોઈનું દંપત્તિ કોરોનામાં ઝડપાયુ

બે દિવસમાં જ ચાર કેસ થતાં તંત્ર સતર્ક બન્યુ : સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કનો અમલ કરવા સૂચનાઓ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા આ બે કેસ સાથે એક જ સપ્તાહમાં કોરોનાના કેસોની સંખ્યા ૪ પર પહોંચતા જ તંત્ર સતર્ક બની ગયુ છે.

હજુ ૧લી નવેમ્બરના રોજ બે કેસ નોંધાયાના અહેવાલોની શ્યાહી સુકાઈ નથી ત્યાં આજે વધુ બે કેસ મળી આવ્યા છે. આજે પતિ-પત્નીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

નભોઈમાં રહેતુ આ દંપત્તિ એક સપ્તાહ પૂર્વે જ મુંબઈથી પરત ફર્યુ છે અને આજે તેમનો આર.ટી.પી.સી.આર. રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૩ વર્ષીય પુરૂષ અને ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. મળતી વિગતો મુજબ આ દંપત્તિએ કફ, ઠંડી અને તાવની ફરિયાદો કરી હતી અને ટેસ્ટ કરાવતાં આ દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ વેક્સિનના બન્ને ડોઝ લઈ લીધા હોવાનું પણ જાણવા મળેલ છે. જો કે હાલ દંપત્તિની તબિયત સ્થિર અને સારી હોવાનું જાણવા મળેલ છે.

બિન સત્તાવાર વિગતો પ્રમાણે તંત્ર દ્વારા દંપત્તિના સંપર્કમાં આવેલ ૧૨ જેટલા લોકોના નમૂના લઈ અને તે તપાસ માટે મોકલી આપ્યા છે. બીજી તરફ સતર્ક બનેલા તંત્રએ પણ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક કરવા માટેની સૂચનાઓ આપી છે. તંત્રએ સર્વેલન્સની કામગીરીને પણ વધુ સઘન બનાવવા માટેની સૂચનાઓ આપી છે. માઈક્રો કન્ટેનમેન્ટ નીતિની અમલવારી પણ કરી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

છેલ્લા થોડાક સમયથી માસ્ક પહેરવામાં અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાના મુદ્દે લોકો જે બેપરવાહ બન્યા હતા ત્યારથી જ તંત્રને કોરોના પુનઃ દેખાશે તેવો ભય હતો. ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટેની સૂચનાઓ પણ જારી કરી હતી.

૧લીએ પિતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો હવે આજે ૩જી નવેમ્બરના રોજ દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા લોકોને સાચવેતી દાખવવા માટે અપીલ કરી સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી કરવા અપીલ કરવામાં આવી છે.

બોલો, મનપામાં બે અધિકારીઓ એક જ ચેમ્બરમાં કામ કરે છે

મનપામાં હવે જગ્યાની અછત ઉભી થઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં અધિકારીઓને જ બેસવા માટે પુરતી જગ્યા ઉપલબ્ધ નથી. મનપામાં રાજ્ય સરકારે હવે ત્રીજા ડે. મ્યુનિ. કમિશનરની નિયુક્તી કરી છે એટલે બેસવા માટેની જગ્યા ને તકલીફો ઉભી થવા પામી છે.

ગાંધીનગર મનપામાં આ અગાઉ બે તબીબી અધિકારીઓને પણ નિયુક્ત કર્યા હતા. બીજી તરફ ત્રણ ડે. મ્યુનિ. કમિશનરોની ભરતી થઈ છે. હવે આસિ. મ્યુનિ. કમિશનરો છે નહિ પણ હાલ ૧૦ થી વધુ શાખાઓ કાર્યરત છે.

ગાંધીનગર મનપાની કચેરીઓ ભોંયતળિયે, પ્રથમ મજલે, બીજે મજલે અને ચોથા મજલે કાર્યરત છે. ચોથો માળ ચૂંટાયેલી પાંખ માટે ઉપલબ્ધ કરાવેલો છે ત્યાં પણ જો વધુ સમિતિઓ રચવામાં આવી હોત તો ચેમ્બરો માટે બીજી જગ્યા શોધવી પડી હોત.

ગાંધીનગર મનપામાં ટાઉન-પ્લાનીંગ શાખા પણ શરૂ થઈ છે. તેના કેટલાક અધિકારીઓને કમિશનરશ્રીની વેઈટિંગ રૂમ હતી તેમાં જગ્યા ફાળવવામાં આવી છે. ત્રીજા ડે. મ્યુનિ. કમિશનર નીમાતા હવે નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવેની ચેમ્બરનો પ્રશ્ન ઉભો થયો છે.

હમણાં તત્કાલ તો બે નાયબ મ્યુનિ. કમિશનરો એક જ ચેમ્બરમાં બેસી કામગીરી કરી રહ્યા છે. શ્રી દવે માટે પહેલા માળે જ સામેની વીંગમાં ચેમ્બરની જગ્યા નિયત કરવામાં આવી છે પરંતુ નવી ચેમ્બર તૈયાર થતાં થોડોક સમય લાગશે તેમ જાણવા મળેલ છે.

તબીબી અધિકારીઓ અને રોગચાળા નિયંત્રણ શાખાને બીજે માળે તબદીલ કરવામાં આવ્યા છે. વહીવટીય અધિકારીને પણ બીજે માળે તબદીલ કરવાની કવાયત ચાલી રહી છે.

દરમ્યાન ગાંધીનગર મનપાની કચેરી માટે નવુ બિલ્ડીંગ તૈયાર થઈ ગયુ છે પરંતુ ફર્નિચર સહિતની સુવિધા માટે છ માસ જેટલો સમય લાગશે તેવુ અનુમાન છે. જો કે મનપાના કાર્યભારણમાં જે રીતે વધારો થઈ રહ્યો છે તે જોતાં ત્યાં પણ જગ્યાના પ્રશ્નો ઉભા થવાની શક્યતાઓ છે.

મહાનગર બનેલા ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ પ્રચલિત છે "ગાગમાગડી"

કેટલાંક સ્થળે તેને "મેરાયું" કહેવાય છે : મશાલ આકારના મેરાયોને લઈને બાળકો ફળિયાં-શેરીમાં ઘેર ઘેર ફરી તેલ-ઘી પુરાવે છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર બની ગયું છે પરંતુ મહાનગરપાલિકામાં જોડવામાં આવેલા નવા

ગ્રામ્ય વિસ્તારો સાથે શહેરમાં હજુ પણ ગ્રામીણ સંસ્કૃતિનો આત્મા ધબકી રહ્યો છે. પ્રાચીન ગ્રામીણ સંસ્કૃતિની પરંપરા અનુસાર હજુ પણ દિવાળીની રાત્રીએ ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો "ગાગમાગડી" અથવા "મેરાયુ" લઈને ફરતા જોવા મળે છે. "ગાગ માગડી" એટલે કોઈ વૃક્ષની લીલી ડાળીમાંથી કાપેલા દંડા કે શેરડીના સાંઠાને ઉપરના ભાગેથી ચાર ફાળ કરી તેમાં આડખીલી ભરાવી પહોળી કરી દિવેટ લગાવ્યા બાદ છાણ-માટીના લીંપણથી લાંબા કોડિયા જેવો આકાર આપી સૂકવીને તેલ-ઘી પુરી મશાલની જેમ પ્રગટાવવામાં આવતું "મેરાયું" હોય છે જેને લઈને બાળકો ઘેર ઘેર ફરે અને તેલ કે ઘી પુરાવવાની ટહેલ નાંખે છે, ત્યારબાદ તેને એક સ્થળે એકઠાં કરીને મુકી દેવાય છે.

"ગાગ માગડી" માટે ખાસ પ્રકારના ગીતો ગાતા ગાતા બાળકો ફરતાં હોય છે. ચોમાસાની ખેતીની લલણી પતી ગયાંબાદ ભાદરવાના સંતાપથી પ્રસરેલી બિમારીઓના સમયે આ "ગાગમાગડી" પ્રગટાવી ઘરના ખૂણે ખૂણે તેમજ ઢોરઢાંખર વગેરે પરથી ફેરવીને જીવ-જંતુઓના ઉપદ્રવને દૂર કરવાનો આ એક ગામઠી ઉપાય હતો. આ "મેરાયું" લઈને બાળકો ફળિયામાં-શેરીમાં ફરીને તેલ-ઘી નાંખવા હાંક કરે તેમાં ગરીબ-તવંગર સૌ પરિવારના બાળકો એક સાથે ફરતાં હોવાથી ઊંચનીચનો ભેદ બાળમાનસમાંથી દૂર થતો તેમજ સૌ કોઈ પોતાના વતી તેલ-ઘી પુરવાનું યોગદાન આપી સહકારની ભાવના પ્રદર્શિત કરતા હોય છે. આજે પણ ગાંધીનગરમાં "મેરાયું" ફેરવવાની પ્રથા ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળે છે અને આ "ગાગમાગડી" બનાવી આપીને તેને વેચી બે પૈસા કમાતા કારીગરો પણ છે.

આપ આદમી પાર્ટીના કાઉન્સીલર તુષાર પરીખે રાજીનામાની ચીમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોને હજુ એક મહિનો પણ પુરો થયો નથી ત્યાં આપ આદમી પાર્ટીના ચૂંટાયેલા એક કાઉન્સીલર તુષાર પરીખે સ્થાનિક નેતાગીરી દ્વારા થતી અવગણનાથી નારાજ થઈ રાજીનામાની ચીમકી આપી છે.

તુષાર પરીખે દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલને ટેગ કરી ટ્વિટ કરેલ સંદેશમાં રાજીનામાની ચીમકી આપી છે.

મનપાની ચૂંટણીમાં ૨૨ ટકા જેટલા મતો મેળવ્યા પછી વિધાનસભાની તૈયારીમાં વ્યસ્ત બનેલ આપ આદમી પાર્ટીને જાણે બ્રેક વાગી હોય તેવુ આ ટ્વીટ વાઈરલ થતાં લાગી રહ્યું છે.

તુષાર પરીખે સ્થાનિક કાર્યક્રમોમાં થઈ રહેલી અવગણના સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યુ છે કે સ્થાનિકકક્ષાએ પાર્ટી દ્વારા તેમનુ માન-સન્માન જળવાશે નહી તો તેઓ પાર્ટી છોડી દેશે.

ગાંધીનગરમાં સ્થાનિક નેતાઓ દ્વારા નાના-મોટા નિર્ણયો કાર્યકરોને પુછ્યા વગર મનસ્વી રીતે કરી રહ્યાની ફરિયાદ પણ તેમણે કરી છે.

આપના એક માત્ર કાઉન્સીલરે રાજીનામાની ચીમકી આપતા ગાંધીનગર સંગઠ્ઠનમાં સન્નાટો મચી ગયો છે. આપની અંદર ચાલી રહેલુ રાજકારણ સપાટી પર આવતાં પ્રદેશ નેતાગીરી પણ ચિંતામાં મુકાઈ છે.

મહુડી મંદિરે ભારે ભીડ

ગાંધીનગર,તા.૩

મહુડી ગુજરાતનું એકમાત્ર એવું મંદિર છે, જે તેજા કાળી ચૌદસના દિવસે જ પૂજા અર્ચના અને હવન કરવામાં આવે છે. ભગવાન ઘંટાકર્ણ મહાવીરની વરખ બદલવાની વિધિ કાળી ચૌદસના દિવસે કરવામાં આવે છે. કાળી ચૌદસના દિવસે જ પૂજા થતી હોવાને કારણે વિશેષ મહત્વ આપવામાં આવે છે. કાળી ચૌદસના દિવસે ઘંટાકર્ણ મહાવીર મહુડી મંદિરનું વિશેષ મહત્વ હોય છે. જૈન સમુદાયના લોકો કાળી ચૌદસના દિવસે મોટી સંખ્યામાં દર્શન અને પૂજા અર્ચન માટે ઉમટ્યા હતા.

પાંચ દાયકાના અંતે જર્જરિત બનેલી ચરેડી પાણીની ટાંકીનુ આખરે રીનોવેશન કરાશે

ચરેડી ટાંકી વર્ષ ૧૯૭૮ માં બની હતી જયારે હાલ ટાંકીના બીમ અને કોલમ કંગાળ હાલતમાં છે : ટાંકીની દશા સુધારવા માટે બહારના ભાગમાં રીનોવેશન કરાશે

ગાંધીનગર તા ૩

શહેરના જુના સેકટરોમાં પાણીનો સપ્લાય કરવા માટે ચરેડી ટાંકીનો ઉપયોગ થાય છે. આ ટાંકીની સ્ટોરેજ ક્ષમતા પણ ૨૭ લાખ લીટરની છે. પાંચ દાયકાના અંતે ટાંકીનુ બીમ અને કોલમ પણ ખવાઈ જતા હાલ ટાંકી કંગાળ હાલતમાં જોવા મળે છે. આ ટાંકીના બહારના ભાગને રીનોવેશન કરવા માટે આયોજન કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે

શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાણીની નવી લાઈન નાંખવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે પાણીના સ્ટોરેજની ટાંકી પણ હવે વર્ષો જુની અને જર્જરિત બનવા તરફ હોવાથી ટાંકીનુ પણ રીનોવેશન કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ચરેડી ટાંકી વર્ષ ૧૯૭૮ માં બનાવામાં આવી હતી. આ ટાંકીમાં અંદાજિત ૨૭ લાખ લીટર પાણી સ્ટોર થાય તેટલી ક્ષમતા છે. જેના આધારે નગરના સે-૧૪ થી ૩૦ માં પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ પાંચ દાયકા જુની આ ટાંકીના બીમ અને કોલમ સહીતનુ બહારનુ સ્ટ્રકચર કંગાળ હાલતમાં જોવા મળી રહ્યુ છે. આ સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા આ ટાંકીનુ રીનોવેશન કરવા માટે આયોજન કરાયુ છે. એકબાજુ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાઈપલાઈનનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. ત્યારે ટાંકીને પણ યોગ્ય કરવા માટે તંત્ર કક્ષાએથી આયોજન કરી દેવાયુ છે. રેટ્રો ફીટીંગની કામગીરી અન્વયે ટાંકીના મજબુતીકરણના ભાગરૂપે ટુંકમાં કામ શરૂ કરવામાં આવશે. ટાંકીનુ બહારથી મજબુતીકરણ કરવા માટે રીનોવેશનનુ કામ હાથ ધરાશે આ કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે જયારે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અસરકારક બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પાણીની લાઈન પણ મોટા

દિવાળી બાદ રાજ્યમાં માવઠાની આગાહી

અરબી સમુદ્રમાં સર્જાનાર લો-પ્રેશર સિસ્ટમને કારણે ભાઈ બીજ બાદ રાજ્યના ભાગોમાં પડી શકે છે કમોસમી વરસાદ

ગાંધીનગર, તા.૩

દિવાળીના તહેવારો બાદ રાજ્યના કેટલાક ભાગોના વાતાવરણમાં પલટા અને કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અરબી સમુદ્રમાં કેરળ, તામિળનાડું નજીક હવાનું એક હળવું દબાણ સર્જાઈ રહ્યું છે. આ લો પ્રેશર બે દિવસ પછી સક્રિય બનતા રાજ્યના કેટલા ભાગોમાં કમોસમી વરસાદ પડી શકે છે. માવઠાની આગાહીના પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર આગામી બે દિવસમાં હવાનું હળવું દબાણ સક્રિય રીતે આકાર પામી પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ દિશામાં ગતિ કરી શકે છે.

આ ઉપરાંત બંગાળ ઉપસાગરમાં પણ આવી એક સિસ્ટમથી અસરથી પૂર્વીય પ્રદેશોમાં પણ વરસાદી માહોલ સર્જાશે. તો આ તરફ કેરળ, તામિલનાડુ, ગોવા, મહારાષ્ટ્ર સુધી અરબુ સમુદ્રમાં સર્જાનાર હવાના હળવા દબાણથી વરસાદી માહોલ એટલે કે ક્યાંક કમોસમી વરસાદ થશે.ગુજરાતમાં ભાઈબીજ પછી દિવસે ગરમીમાં થોડો વધારો થવાની સાથે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના ભાગોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે માવઠાની શક્યતા છે. નૈઋત્યનું ચોમાસું વિદાય લેવાની સાથે જ હિમાલયના પ્રદેશોમાં થયેલી હિમવર્ષાના કારણે છેક પશ્ચિમ ભારત સુધી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. જો કે, કમોસમી વરસાદની આગાહીને પગલે રાજ્યમાં સાર્વત્રિક ઠંડીનું પ્રમાણ થોડુક ઘટ્યું છે.

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER 2021

(Rs. in Lakhs)

Sr. No	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 30.09.2021 (Unaudited)	Half Year ended 30.09.2021 (Unaudited)	Quarter ended 30.09.2020 (Unaudited)	Quarter ended 30.09.2021 (Unaudited)	Half Year ended 30.09.2021 (Unaudited)	Quarter ended 30.09.2020 (Unaudited)
1	Total Income from Operations(net)	67,895.42	1,20,998.69	62,615.80	4,18,180.87	7,68,766.75	3,05,288.86
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	41,330.14	72,942.43	35,410.26	65,753.80	1,60,848.10	94,470.72
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	41,330.14	72,942.43	35,410.26	67,980.65	1,65,176.78	95,679.07
4	Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations	33,038.54	56,366.29	27,284.03	51,259.67	1,24,054.30	71,650.54
5	Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations	(269.70)	(406.30)	(172.40)	-	-	-
6	Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations	32,768.84	55,959.99	27,111.63	51,259.67	1,24,054.30	71,650.54
7	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	32,633.49	55,879.38	27,107.96	51,339.48	1,23,805.17	71,493.98
8	Equity Share Capital(face value of Rs. 10/- each)	56,421.14	56,421.14	56,420.08	56,421.14	56,421.14	56,420.08
9	Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	-	-	-	-	-
10	Earnings per share(EPS) for the Period from Continuing and Discontinued Operations						
	a) Basic EPS(Rs.)	5.81	9.92	4.81	7.06	16.09	8.84
	b) Diluted EPS(Rs.)	5.81	9.92	4.81	7.06	16.09	8.84
	(face value of Rs. 10/- each)(not annualised for the quarter)						

Notes: 1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **2**. The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 3rd November, 2021. **3**. The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 3rd November, 2021

For and on behalf of Gujarat State Petronet Limited
Pankaj Kumar, IAS
Chairman and Managing Director

નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૭૮ના નૂતન વર્ષના શુભારંભ હૃદયપૂર્વકની શુભકામના સહ...

નૂતન વર્ષાભિનંદન

દિપાવલીનો પ્રકાશ નૂતન વર્ષે સોના માટે મંગલમય બની રહો.

આપણા યશસ્વી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રજાવત્સલ માનનીય કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં "સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ" મહામંત્રીના સથવારે દેશ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને માનનીય પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલના નેતૃત્વમાં ગુજરાત દરેક ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. આપણે સૌ ઉપરોક્ત નેતૃત્વને દીર્ઘાયુ આપી પરમ કૃપાળુ પરમેશ્વર આજ રીતે આગળ વધવાની શક્તિ આપે એ જ પ્રાર્થના સહ...

શેર ભંડોળ	:	રૂ. ૯.૧૭ કરોડ
કુલ ધીરાણ	:	રૂ. ૩૧૩ કરોડ
સભ્ય ગૃહમંડળીઓ	:	૬૦૩૩
વસવાટો	:	૨,૩૨,૮૩૬
નફો (૩૧.૩.૨૦૨૧)	:	રૂ. ૭,૦૨,૧૧,૬૩૩

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વતી

સુરપાલસિંહ એસ. ઝાલા, મેનેજીંગ ડીરેક્ટર (ઈન્ચાર્જ) (મો. ૯૪૨૬૦૩૪૧૨૫)
હરેશભાઈ જે. દેસાઈ, વાઈસ ચેરમેન (મો. ૯૩૭૭૯૧૮૧૮૨)
ડો. દેવરાજભાઈ પી. ચીખલીયા, ચેરમેન (મો. ૯૮૨૫૨૩૧૭૩૧)

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ

(રજી.નં. બી-૧૯૮૪, તા. ૧૪-૪-૧૯૬૦)
"ગૃહનિર્માણ", બાટા શો-રૂમ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ટે. નં. ૦૭૯-૨૬૫૮૮૫૨૮, ફેક્સ : ૨૬૫૮૯૨૨૩

અમારા માનવતા ગ્રાહકો મિત્રો વડીલો ને અમારા તરફથી દિવાળી તથા નૂતન વર્ષ નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવીએ છીએ

રજવાડી ગુજરાતી થાળી

HAPPY Dhanteras

વાઘેલા કમલેશસિંહ - 7227019999 | વાઘેલા મહેન્દ્રસિંહ - 9662359755
દુકાન નં.૯,૧૦,૧૧,૧૨, આર વર્લ્ડ-૧૬ બેઝમેન્ટ, સેક્ટર-૧૬, ગાંધીનગર
શાખાઃ ૧૦૧, એકેમે હાઉસ, જલારામ હોસ્પિટલની બાજુમાં, સે-૬, ગાંધીનગર

Happy Diwali

TV રીપેરીંગ

ગાંધીનગર માટે
LED TV,
LCD TV
રીપેરીંગ માટે ફોન

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com